## રમૂજના રાજા
# મહાત્મા ગાંધી

સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ... આ પંકિત સાંભળતાં જ શરીરે પહેરણ વીંટાળીને, નાકની દાંડીએ ચશ્માં ટેકવીને, લાકડીને ટેકે ચાલતા મહાત્મા ગાંધીનું ચિત્ર નજર સામે ખડું થઈ જશે!

ગાંધીજી વિશે આપણે ઘણુંબધું જાણીએ છીએ. એમનો જન્મ બીજી ઓક્ટોબરે પોરબંદરમાં થયો હતો, એમનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું, એમણે ભારતને આઝાદી અપાવી હતી અને એ દેશના રાષ્ટ્રપિતા હતા એટલું તો કોઈપણ કહી દેશે, પરંતુ એમની વિનોદવૃત્તિ અને રમૂજી પ્રકૃતિ વિશે આપણામાંથી કેટલા લોકો જાણતા હશે?

સામાન્યપણે ગાંધી ગંભીર વ્યકિતત્વ ધરાવતા હોવાની છાપ ઉપસે પણ હકીકત જુદી હતી. એ રમૂજના રાજા હતા. આબાલવૃદ્ધોથી માંડીને એ સમયના નેતાઓ સાથેની વાતચીતમાં ગાંધીજી હાસ્યનાં અમીછાંટણાં કરતા. એમાંય સરદાર વલ્લભભાઈ પટેલના સાંનિધ્યમાં ગાંધીબાપુનો રમૂજી સ્વભાવ સોળે કળાએ ખીલી ઊઠતો. દેશને આઝાદી કઈ રીતે અપાવવી એવા ગંભીર પ્રશ્નો પર ચર્ચા કરતાં કરતાં પણ બાપુ અને સરદાર ટીખળ કરવાની તક ઝડપી લેતા. એનાથી વાતાવરણ તો હળવું બનતું જ, પરંતુ માનસિક થાક પણ ઓસરી જતો હતો.

એક વાર વાતવાતમાં બાપુને ટીખળ કરવાનો મોકો મળી ગયો. બન્યું એવું કે એ દિવસોમાં બાપુ માટે ખજૂર ધોવાનું કામ વલ્લભભાઈએ માથે લીધું હતું. તેમણે બાપુને પૂછ્યું : 'કેટલા ખજૂર ધોઉં?'

બાપુ કહે : 'પંદર.'

વલ્લભભાઈને થયું કે બાપુ થોડા વધારે ખજૂર ખાય તો સારું, એટલે કહ્યું : 'પંદરમાં અને વીસમાં ફેર શું?'

એ સાંભળી બાપુ બોલ્યા : 'ત્યારે દશ. કારણ દશ અને પંદરમાં ફેર શું?'

વલ્લભભાઈ ચૂપ થઈ ગયા, પણ થોડા જ સમયમાં એમને પણ ગાંધીજીની મશ્કરી કરવાની તક મળી જ ગઈ. ૧૯૩૨ની વાત છે... બાપુએ હરિજન પ્રશ્ન અંગે ઉપવાસ આદર્યા હતા. ઉપવાસ દરમિયાન બાપુને સ્પંજબાથ આપવા માટે એમના કબાટમાંથી ઘણા ટુવાલો કાઢેલા હતા. બાપુ તો બધી વાતનો બરાબર હિસાબ રાખતા હતા એટલે ઉપવાસ પૂરા થયા પછી એક દિવસ એમણે કહ્યું : 'હું બધાનો હિસાબ માગીશ.'

એ સાંભળીને વલ્લભભાઈ વિનોદ કરતાં કહે : 'એ હિસાબ શેનો અપાય? અમે તો તમને ખોઈને બેઠેલા હતા. અમને થોડી જ ખબર હતી કે પાછા હિસાબ માગવાને માટે આવવાના છો?'

આ પ્રસંગ પછી ફરી એકવાર વલ્લભભાઈને ગાંધીજીની ટીખળ કરવાની તક મળી હતી. આ સંદર્ભમાં મહેન્દ્ર મેઘાણી દ્વારા સંપાદિત 'ગાંધી-ગંગા'ના બીજા ભાગમાં મુકુલભાઈ કલાર્થીએ નોંધેલી એક ઘટના જોઈએ :

''એક દિવસ મહાદેવભાઈએ પોતાની પીંજણની તાંત બતાવતાં બાપુને પૂછ્યું : 'પીંજણની તાંત કેવી છે? તમારાથી કેટલીવાર તૂટતી હતી?'

બાપુ કહે : 'જતન કરતાં આવડે તો કાંઈયે ન તૂટે. શંકરલાલ મારી



**૨ ઓક્ટોબર, ૧૮૬૯ - ૩૦ જાન્યુ., ૧૯૪૮**
**મહાત્મા ગાંધી**

> રમૂજના રાજા હતા ગાંધીજી! પોતાના સમકાલીન નેતાઓ સાથેની વાતચીતમાં તેઓ હાસ્યના અમીછાંટણાં કરતા રહેતા, એમાંય સરદાર પટેલના સાંનિધ્યમાં તો તેમનો રમૂજી સ્વભાવ સોળે કળાએ ખીલી ઉઠતો

પાસેથી લે કે તૂટે. કાકા મારી પાસેથી લે કે તૂટે. પણ મારી તો દહાડાના દહાડા સુધી ચાલતી. એ તો જતનનું કામ છે. જુઓની આ લંગોટ હું પહેરું છું. તે જાળવી જાળવીને પહેર્યા કરું છું. બીજાની પાસે હોય તો ક્યારનો ફાટી જાય!

વલ્લભભાઈ કહે : 'એ તો પહેરતા જ ન હો અને ખીંટી ઉપર સંભાળીને રાખી મૂક્યો હોય એવું લાગે છે!'

અને ગાંધીજી હસી પડ્યા.

ગાંધીજી અને વલ્લભભાઈની તો જુગલ જોડી હતી, પણ જ્યારે મહાદેવ દેસાઈ પણ ભળતા ત્યારે ત્રિવેણી સંગમ રચાતો અને હાસ્યનો ધોધ વહેતો.... એક દિવસ ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈની ત્રિપુટી ભેગી થઈ હતી. મહાદેવભાઈ ફળ સમારતા હતા. એ જોઈને બાપુ કહે : 'તમે એકલા ફળ સાફ કરવામાં ૪૫ મિનિટ આપો તે નહીં ચાલે. અહીં લાવો અને આપણે ત્રણે સાફ કરીએ એટલે ૧૫ મિનિટ જ લાગશે.'

મહાદેવભાઈએ કહ્યું : 'મારી એટલી મિનિટ જાય, પણ તમે એટલો વખત કામ કરી શકશો.'

બાપુ બોલ્યા : 'ના, કામનું એવું ભૂત કેમ બનાવાય? તો ખાવાનું બંધ કરું, પાયખાને જવાનું બંધ કરું, ચાલવાનું બંધ કરું, તો ઘણા કલાક કામ કરવાના મળી રહે.' મહાદેવભાઈ કહે : 'ત્યારે મારો વખત બગડે એમ શા સારુ કહો છો? હુંયે આખો દિવસ વાંચવા-લખવામાં આપું એના કરતાં આટલું કામ કરું તે સારું ના?'

વલ્લભભાઈ આ શાંતિથી સાંભળ્યા કરતા હતા. તેમણે વચ્ચે પડીને મહાદેવભાઈને કહ્યું : 'તમે એમને જવાબ આપતાં ન પહોંચી શકો. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા! કોઈ વાતમાં એ આપણું માને છે?'

બાપુએ વલ્લભભાઈનું સાંભળીને ગમ્મત કરતાં કહ્યું: 'વલ્લભભાઈ, હોઠ તો મારા કરતાં તમારા મોટા છે, એવો અનુભવ છે.' વલ્લભભાઈ મૂંગા થઈ ગયા.

ગાંધીજી વલ્લભભાઈ અને મહાદેવભાઈ સાથે તો મજાક કર્યા કરતા, પણ ક્યારેક સામાન્ય લોકો સાથેની વાતચીતમાં પણ રમૂજની છોળ ઉડાડતા. આ સંદર્ભમાં 'ગાંધી-ગંગા'ના પ્રથમ ભાગમાં લલ્લુભાઈ મ. પટેલે નોંધેલો એક પ્રસંગ જોઈએ :

''ગાંધીજી પોતાના આરોગ્યની ઘણી કાળજી રાખતા હતા. તેથી વૃદ્ધાવસ્થામાં પણ તેમની તબિયત ઘણી સારી રહેતી હતી. એક જણે તેમને પૂછ્યું કે 'બધા માણસો આપના જેવી સાદી રહેણી, ઉપવાસ અને વ્યાયામની ટેવ પાડે તો આપ માનો છો કે તેઓ સો વરસ જીવે?'

ગાંધીજી અને વલ્લભભાઈની તો જુગલ જોડી હતી, પણ જ્યારે મહાદેવ દેસાઈ પણ ભળતા ત્યારે ત્રિવેણી સંગમ રચાતો અને હાસ્યનો ધોધ વહેતો.... એક દિવસ ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈની ત્રિપુટી

ગાંધીજી : 'હા, પણ એ વિશે ચોક્કસ તો હું મરી જાઉં ત્યારે જ તમે કહી શકો.''

ગાંધીજી સામાન્ય લોકોની સાથે તો ગમ્મત કરતા, પણ મહાનુભાવોની પણ મશ્કરી કરતાં અચકાતા નહીં. એકવાર એમને લૉર્ડ માઉન્ટબેટનની મજાક કરવાનો મોકો મળી ગયો. થયું એવું કે માઉન્ટબેટને ગાંધીજીને પહેલો પત્ર લખ્યો ત્યારે તેમાં 'માઉન્ટબેટન ઑફ બરમા' એ રીતે પોતાની સહી કરી હતી. ગાંધીજી તરફથી જવાબમાં જે પત્ર લખાયો તેમાં માત્ર 'લૉર્ડ માઉન્ટબેટન' નામે સંબોધન તેમના મંત્રીએ કર્યું હતું. જ્યારે પત્ર ગાંધીજીની સહી માટે મૂકવામાં આવ્યો ત્યારે તેમણે પોતાના હસ્તાક્ષરથી 'ઑફ બરમા'નો સુધારો ઉમેર્યો.

પોતાની સહી એમ. કે. ગાંધીની જગ્યાએ લખ્યું: 'મારે તો ક્યાંયનો નહીં એવા તમારા એમ.કે. ગાંધી તરીકે જ સહી કરવી જોઈએ.'

લૉર્ડ માઉન્ટબેટનની જેમ જ સુભાષચંદ્ર બોઝ પણ એકવાર ગાંધીજીની ગમ્મતનો ભોગ બની ગયા હતા... એ વખતે ગાંધીજી અને સુભાષબાબુ મુંબઈના મણિભુવનમાં હતા. ગાંધીજી બેઠાં બેઠાં હજામત કરી રહ્યા હતા. દાઢી પર સેફ્ટી રેઝર ફેરવતાં ફેરવતાં તેઓ વાતો પણ કરતા હતા. અસ્ત્રો દાઢી પર ફરે પણ દાઢી પરના વાળ ટસના મસ નહોતા થતા. તેથી તેઓ દાઢી પર પાંચ-સાતવાર અસ્ત્રો ફેરવતા હતા. તે વખતે સુભાષચંદ્ર બોઝ પાસે બેઠા બેઠા આ જોતા હતા.

ગાંધીજીને વારંવાર અસ્ત્રો ફેરવતા જોઈ તેમણે કહ્યું : 'બાપુ, આ અસ્ત્રો બુઠ્ઠો થઈ ગયો છે. એની બ્લેડ બદલવાની જરૂર છે.'

આ સાંભળીને ગાંધીજી બોલ્યા : 'જા રે જા, આ અસ્ત્રાથી તો હજી તમારા જેવા દશનાં ગળાં હું કાપી નાખું!'

સુભાષબાબુ શું બોલે ? એમણે સબ સે બડી ચૂપ ધારણ કરી લીધી!

## ગાંધીજીના અર્જુનો

ગાંધીજીને બાળકો સાથે ગમ્મત કરવામાં ઘણી મજા પડતી. એ બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં માનતા. આશ્રમમાં બાળકો ઘણી વાર ગાંધીજીને પ્રશ્નો પૂછતાં હતાં. ગાંધીજી તેમને ટૂંકમાં જ જવાબ આપતા તેથી બાળકોને સંતોષ થતો ન હતો. તેથી એક વાર એક બાળકે પૂછ્યું:

''બાપુ! તમે અમારી સમક્ષ 'ગીતા'ની વાતો કરો છો. પણ 'ગીતા'માં અર્જુન શ્રીકૃષ્ણને એક શ્લોકમાં સવાલ પૂછે છે અને ભગવાન તેનો આખા અધ્યાયમાં જવાબ આપે છે. પણ અમે આખું પાનું ભરી સવાલ પૂછીએ ત્યારે તમે એક શબ્દ કે વાક્યમાં જ જવાબ આપો છો તે વાજબી છે?''

ગાંધીજી હસતા હસતા બોલ્યા: 'શ્રીકૃષ્ણ ભગવાનને તો એક જ અર્જુનને જવાબ આપવાનો હતો, પણ મારે તો ઘણા અર્જુનો છે તેનું શું?'